આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ છે. ચંદ્ર તુલાનો, સૂર્ય મેષનો, શુક્ર મીનનો, મંગળ વૃશ્ચિકનો છે. આજે હનુમાન જયંતિ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ આજે પૂનમ છે. રાશિમાં ઉચ્ચના સૂર્ય બુધની સાથે સાતમે ચંદ્ર હોઈ આત્મા અને મન સામસામે પ્રતિયુતિમાં આવેલ હોઈ આપનો આજનો દિવસ બહુ જ સુંદર વીતે.

વૃષભ ચોથે ચાંડાલ યોગની આડઅસરો બાદ કરતાં બીજા ગ્રહો સારા હોઈ આપના આજના શત્રુ વિજય યોગને વધાવશો અને રાશિનો માલીક ઉચ્ચનો હોઈ એકાદ સુંદર પ્રવાસીનું આયોજન કરાવે.

મિથુન પાંચમે - ચંદ્ર - અગિયારમે સૂર્ય - દસમે શુક્ર વિગેરે યોગો આપને આજે ભાગ્યયોગેને વ્યાપાર યોગે પ્રબળ ધનલાભ કરાવે. સંતાનથી સુખ મળે - આજે દિવસ સારો જાય.

કર્ક ચોથે ચંદ્રને દસમે ઉચ્ચનો સૂર્ય બુધ તમારે માટે ચારે બાજુથી પ્રસંશાના ફળો વેરાશે - આગામી સમય તમારે માટે મહા મૂલ્યવાન સાબિત થશે - સરસ પ્રગતિ થશે.

સિંહ ચાંડાલ યોગની આડઅસરો સિવાય બાકીના ગ્રહો સારા હોઈ તમોને આજનો દિવસ સરેરાશ મિશ્ર પ્રકારનો રહેશે - વાણી ઉપર કાબૂ રાખશો - અપશબ્દો બોલશો નહીં.

કન્યા સાતમે ઉચ્ચનો શુક્ર તમારા બારમા સ્થાનના ચાંડાલ યોગની આડઅસરો નાબૂદ કરે છે. બીજે ચંદ્ર આઠમા સૂર્યની તેજ અસરો ઓછી કરે છે - સરવાળે પરિણામ સારું રહેશે.

તુલા રાશિમાં ચંદ્રને કારણે સાતમા ઉચ્ચના સૂર્યની તેજ અસરો નાબૂદ કરે છે પરિણામે તમારે શુક્રની શુભ અસરો ઝીલીને ભાગ્યશાળી પૂરવાર થવાનું છે.

વૃશ્ચિક આજે તમોને મકાન - જમીન - રાજ્ય તરફથી લાભો મળવાની સંભાવના છે. સંતાનોના ભાગ્યથી તમોને મોટા મોટા લાભ મળવાની સંભાવનાઓ છે.

ધન બારમે મંગળ - શનિની યુતિથી તમારે પડવા - વાગવા - દાઝવા - અકસ્માતથી સાચવવું. બાકી બીજા શુભગ્રહોને કારણે સારી અસરોથી તમોને નાનો મોટો લાભ મળે.

મકર ચોથે દસમે કેન્દ્રમાં સૂર્ય - ચંદ્ર આવેલ હોઈ તમારે માટે શુભ પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આપને હવે ડરવાની જરૂર નથી. ચાંડાલ યોગની અસરો ઓછી થઈ છે.

કુંભ સાતમા સ્થાનના ચાંડાલ યોગની ખરાબ અસરોથી તમો હવે બીજા શુભ ગ્રહોની કુંડળીની અસરોને લીધે મુક્ત થયા છે. હવે ડરવાની જરૂર નથી. સારું થશે.

મીન રાશિમાં ઉચ્ચનો શુક્ર એક જ ગ્રહ તમારી કુંડળીને પ્રબળ બનાવે છે - ફાયદો જ ફાયદો કરાવે છે. ભાગ્યને બુદ્ધિના જોરે આજે તમોને ધનનો મોટો લાભ કરાવે તેમ છે.

ધક્કે ચઢ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતા કામગીરી ખોરવાઈ જાય છે. આર ટી ઓ કચેરીમાં અનેકવાર ટેકનિકલ ખામી સર્જાતા કામ અટવાઈ જાય છે. જેના પરિણામે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં અરજદારો માટે અદ્યતન ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના આધારે લાઈસન્સ ઈસ્યુ કરવાની પ્રક્રીયા વધુ પારદર્શક બની હોવાનુ પણ મનાઈ રહયુ છે. પરંતુ અગાઉ ટ્રેક પર થતા અકસ્માતોના લીધે ડ્રાઈવીંગ ટેસ્ટ જોખમી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જયારે ટ્રેક પર થતા અકસ્માતોની સાથે અનેકવાર ટેકનિકલ ખામી સર્જાતા ડ્રાઈવીંગ ટેસ્ટ લેવાની કાર્યવાહી પણ અટવાઈ પડે છે. આજે પણ બપોરના સમયે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર બપોરના સમયે અચાનક જ ઈલેકટ્રીક જોડાણ ખોરવાતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. બપોરની આકરી ગરમીમાં લાઈસન્સની કાર્યવાહી માટે આવતા અરજદારોએ ગોથે ચઢવાનો વારો આવ્યો હતો. આમપણ છેલ્લા કેટલાક સમયથી આર ટી ઓ કચેરીમાં લાઈસન્સ સહીતના કામો ખોરવાતા આમ નાગરિકોની સમસ્યા વધી ગઈ છે.

ફાળો પરત કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ગ-૨ના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી હતી. જેના અંતે શાળા દ્વારા વિદ્યાર્થીઓ પાસે ફાળો ઉઘરાવામાં આવતો હોવાની હકીકત પ્રકાશમાં આવતા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાને નોટીસ આપવામાં આવી હતી. જેના અંતે કાર્મેલ શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને રસીદ રજુ કરીને ફાળાની રકમ પરત મેળવી લેવા જણાંવ્યુ છે. પરિણામ લેવા આવો ત્યારે રસીદ બુક જમા કરાવી દેવા પણ જણાંવી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં કોઈપણ વિદ્યાર્થી તેમજ વાલીએ કોઈપણ પ્રકારનો ફાળો જમા કરાવાનો નથી તેમ પૅણ જણાંવાયુ છે.

ઉત્તરાખંડ...● અનુસંધાન પહેલાનું ચાલુ

બંધારણીય ગુનાની કિંમત ચુકવવી પડશે. રાવત સરકારની બાબતોનો ઉલ્લેખ કરતા કોર્ટે કહ્યું હતું કે, હરિશ રાવત ૨૯મી એપ્રિલના દિવસે વિધાનસભામાં પોતાની સરકાર માટે બહુમતિ સાબિત કરશે.

આક્રમક વલણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આધાર પર અહેવાલ જારી કરાયો છે. સુત્રોનું કહેવું છે કે, એક વખતે ડિપોર્ટેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ વિદેશ મંત્રાલય દ્વારા માલ્યાના સંદર્ભમાં બ્રિટનમાં તેમના સમકક્ષ પાસેથી સીધી માહિતી મેળવવા અવશે અને તેમને ભારત પરત લાવવામાં આવશે.

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

શક્યા નથી. તો આ બ્લડ બેંકવાળા લોકો લોહી લાવતા ક્યાંથી હશે? બા પહેલાતો બ્લડ બેંકવાળા વેચાતું લોહી લાવતા. બા બોલ્યા... એટલે? એટલે બા લોકો પોતાનું લોહી વેચતા. એક બોટલના અમુક રૂપિયા લેતા. અને આ બધું એક ધંધો બની ગયો હતો. પણ હવે તો નિયમો પ્રમાણે ડોનર પોતાની મરજી હોય તો જ લોહી આપી શકે. સામે કોઈ વળતર ની આશા વગર. અને જો પૈસા રૂપી વળતર આપે તો બ્લડ બેક વાળા સામે ગુનો થાયને જેલમાં જાય. તો બુન લોકો કેમ લોહી આપે ? બા આને જ રક્તદાન કહેવાય. લોહીનું દાન કાર્ય જેવું કોઈ દાન નથી. જે કોઈ રક્તદાન કરે છે તેને એક છુપો આનંદ મળે છે. શિવાની બોલી - બા ઘણી વખત સમાજમાં આવું જુઠ્ઠાણું ચાલતું હોય છે અને એ એટલું ઝડપથી વેગવંતુ બને છે જેનાથી સમાજમાં ખોટી માન્યતાઓ ઘર કરી જાય છે, જેમકે લોહી આપવાથી શરીર વધે છે. પણ એ માન્યતા ખોટી છે. કોઈ પણ જંતુ નો ચેપ પણ રક્તદાતા ને લાગતો નથી.

આવતા અંકે : રક્તદાન કોણ કરી શકે, અને રક્તના ઘટકો શું છે?

sgpathlab@gmail.com

પાલનપુર પંથકના વ્યાજખોરો બન્યા યમદૂત : વધુ એક શ્રમજીવીને આત્મહત્યા માટે કર્યો મજબુર

પાલનપુર, તા. ૨૧

જિલ્લાના પાલનપુર અને વડગામ સહિત જિલ્લાભરમાં બિનઅધિકૃત રીતે નિયમો વિરૂદ્ધ ઉંચુ વ્યાજ લઈ અને વ્યાજ ન ચુકવી શકે તો માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. જેમાં લુખાસણ ગામના યુવકે વડગામ નજીક આત્મહત્યા કરી હતી. ત્યારે આજે પાલનપુરના ગાદલવાડામાં વ્યાજખોરોના ત્રાસથી વધુ એક ઈસમે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે સારવાર દરમ્યાન તેને પોતાના મોત માટે ૯ વ્યાજખોરોને જવાબદાર ગણાવી, સુસાઈડ નોટ લખી હોસ્પિટલ બિછાને આખરી શ્વાસ લઈ મોતને વહાલુ કરતા ચકચાર મચી જવા પામી છે. જેમાં ગઢ પોલીસે મૃતકની સુસાઈડ નોટ આધારે મૃતકની પજવણી કરતા ૯ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામળાની યુવતી પર દુષ્કર્મ કરનાર કઠવાડીયાના યુવક સામે ફરિયાદ

હિંમતનગર તાલુકાના જામળા ગામમાં રવિવારે એક ૨૨ વર્ષીય યુવતી પર કઠવાડીયાના એક શખ્સે બળજબરીથી ઘરમાં ખેંચી જઈ દુષ્કર્મ આચરતા પિડીત યુવતીની માતાએ દુષ્કર્મ આચરનાર કઠવાડીયાના શખ્સ વિરૂદ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો છે. પોલીસે દુષ્કર્મ આચરનાર શખ્સ વિરૂદ્ધ ગુનો દર્જ કરી લઈ તેને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

આ રીયર વ્યૂ મિરરે દેખાડેલા બીજા એક દ્રશ્યની વાત કરું ... ગઈકાલે ગાંધીનગરમાં જ-માર્ગ પર આથમણેથી ઉગમણે જતાં રીયર વ્યૂ મિરરમાં સૂર્યાસ્ત દેખાયો અને સામે અજવાળું... બે વિરોધાભાસ વચ્ચે વિચાર આવ્યો કે, અસ્તાચળના સ્મરણને સાથે લઈને ચાલીએ તો ઉદયનું અભિયાન ન આવે. જો આથમવામાં પણ કળાત્મકતા કેળવવાની હિંમત હોય તો જ ઉગવાનું અભિમાન કરવું જોઈએ... આપણું અસ્તિત્વ જ ઉત્સવ હોય તો ઉગવું અને આથમવું એ તો એક પ્રક્રિયા માત્ર છે... ચાલો, સૂર્યાસ્તની લાલી લઈને સૂર્યોદયની લાલાશ નિખારીએ...

ક્રાઈમ બ્રાન્ચની ઓફિસમાં જ કોન્સ્ટેબલની ક્રૂર હત્યા

અમદાવાદ, તા. ૨૧

શહેરમાં લૂંટના બનાવના સંદર્ભમાં સક્રિય થયેલી ક્રાઈમ બ્રાંચની ટુકડીએ શંકાના આધારે અટકાયત કરેલા એક યુવકે કોન્સ્ટેબલ પર પાઈપથી હુમલો કરતા તેમનું મોત થયું હતું. આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ છે. હત્યા કર્યા બાદ ક્રાઈમ બ્રાંચની કચેરીમાંથી આરોપી ફરાર થઈ ગયો હતો. શંકાના આધારે પુછપરછ માટે લવાયેલા યુવક મનિષ દલાઈએ કોન્સ્ટેબલ ચંદ્રકાંત મકવાણા ઉપર પાઈપથી હુમલો કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર આ અંગેની વિગત એવી છે કે શહેરમાં લૂંટના બનાવો બનતાં પીએસઆઈ કિરણ ચૌધરીની સ્કવોડ ગત રાત્રે મનીષ દલાઈ (રહે. મૂળ રાજસ્થાન) એક યુવકની અટકાયત કરી ક્રાઈમ બ્રાન્ચમાં લઈ આવી હતી. પોલીસ અધિકારીઓ દ્વારા મોડી રાત સુધી લૂંટના ગુના બાબતે મનીષની પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાનમાં મોડી રાત સુધી લૂંટના ગુના બાબતે મનીષની પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાનમાં મોડી રાત્રે અન્ય પોલીસ કર્મીઓ ઘરે ગયા હતા અને ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ચન્દ્રકાંતભાઈ મકવાણા આરોપી મનીષની વોચ રાખી રહ્યા હતા. પીએસઆઈ કે.જી. ચૌધરીની ઓફિસમાં માત્ર ચન્દ્રકાંતભાઈ અને આરોપી મનીષ હાજર હતા તે તકનો લાભ ઉઠાવી મનીષે ઓફિસમાં રહેલી પાઈપ ઉઠાવી ચન્દ્રકાંતભાઈના માથામાં ફટકારી હતી. માથમાં ગંભીર ઈજાઓના કારણે ચન્દ્રકાંતભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આરોપી મનીષ ક્રાઈમ બ્રાન્ચમાંથી ફરાર થઈ ગયો હતો. વહેલી સવારે પોલીસ કર્મીઓ જ્યારે કે.જી. ચૌધરીની ઓફિસમાં ગયા ત્યારે ચન્દ્રકાંતભાઈ જમીન પર ઢળેલા જોવા મળ્યા હતા. આ બાબતે ક્રાઈમ બ્રાન્ચના એસીપી, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓને ઘટનાની જાણ કરાતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

બીજી તરફ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ કર્મચારીની હત્યા કરી ફરાર થનાર મનીષને ઝડપી લેવા ક્રાઈમ બ્રાન્ચની તમામ ટીમ કામે લાગી ગઈ હતી.

કેમ્પ હનુમાન મંદિરેથી હનુમાન યાત્રાને પ્રસ્થાન કરાવતા આનંદીબેન પટેલ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે અમદાવાદના સુપ્રસિદ્ધ કેમ્પ હનુમાન મંદિરેથી હનુમાન યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રા પ્રસ્થાન અગાઉ મુખ્યમંત્રીશ્રીએ અત્યંત શ્રદ્ધાપૂર્વક ભગવાન હનુમાનજીના પૂજન-અર્ચન-દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સાથે સાથે યાત્રામાં બિરાજમાન ભગવાન હનુમાનજીની આરતીમાં પણ સહભાગી બન્યા હતા. ભારતીય સેનાના મેજર જનરલ શ્રી એસ.કે. પરાશર પણ તેમની સાથે જોડાયા હતા.

ભાજપનો સંકલ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમાણપત્રો ઓનલાઈન સુવિધાથી ઘેર બેઠા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થાની ખાતરી આપી ૨૧મી સદીના ગાંધીનગરની કલ્પના પણ વ્યકત કરવામાં આવી છે.

શહેરને વધુ ધબકતુ તેમજ વાણિજય વિકાસનું કેન્દ્ર બનાવવા માટે શાકભાજી અને સીઝનલ ચીજવસ્તુઓના બજારને વિકાસવવાની વાત પણ સંકલ્પપત્રમાં કરવાની સાથે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને શહેરના જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની પણ ખાત્રી અપાઈ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે વિકાસ કામો માટે પણ જમીન નથી અને તેને કારણે ત્રણ વર્ષથી બજેટની જોગવાઈઓ પછી પણ કામ નહિ થયાના પત્રકારોના અણિયાલા સવાલનો જવાબ આપતાં શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે વિકાસ એ જ લક્ષ્ય છે કદાચ વહીવટીય વિલંબ હશે પરંતુ સરકાર એ બાબતે સ્પષ્ટ છે કે સર્વસમાવેશક વિકાસનો વિકલ્પ હોઈ જ ન શકે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે શહેરના વિકાસ માટે અન્ય મહાનગરોની તુલનામાં જ ગાંધીનગરને પણ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

મનપા આર્થિક રીતે સક્ષમ બનતા જ ક્રમશઃ સેવાઓ પણ સુપ્રત કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સેકટરોના આતરિક શોપીંગ વિકસાવવાનો પણ અભિગમ પક્ષે રાખ્યો છે.

શહેરી વિસ્તારમાં આંતરિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પણ ઝડપથી કાર્યરત કરવાની હૈયાધારણા તેમણે આપી હતી.

કોંગ્રેસનો સંકલ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"બેટર સિટી બેટર લાઈફ"નો અભિગમ અપનાવશે. શહેરમાં પુરતા દબાણથી પીવાનુ શુદ્ધ પાણી મળી રહે તેવી વિતરણ વ્યવસ્થા કરવા સાથે જાહેર સ્થળો પર આર.ઓ. વોટરના ઓટોમેટિક બુથ મુકાશે. શહેરમાં સચિવાલય, રેલવે સ્ટેશન, સેક્ટર-૨૧, ૨૪ શોપીંગ સેન્ટર, અક્ષરધામ જેવા મહત્વના જાહેર સ્થળોને જોડતી આંતરીક સિટી બસ સેવા ઉપલબ્ધ કરાશે. સરકાર પાસેથી જાહેર મિલકત મેળવી બાગ-બગીચા, રંગમંચ, ટાઉનહોલ, શાળા, દવાખાનાને અદ્યતન અને લોકભોગ્ય બનાવાશે.

સ્વચ્છ શહેર સ્વસ્થ શહેરની પરિકલ્પનાને સાકાર કરવા માટે વિશેષ આરોગ્ય નિદાન કેમ્પોનું આયોજન કરાશે એટલુ જ નહિ પણ શહેરને વધુ સારી ગુણવત્તાવાળુ પુરા ફોર્સથી પાણી મળે તે પણ જોવામાં આવશે.

નગરસેવકો લોકો સુધી પહોંચી પ્રાણ પ્રશ્નો અને ફરીયાદોનું ત્વરીત નિરાકરણ લાવવાનો સંકલ્પ વ્યક્ત કરતા પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહે જણાવ્યું હતું કે ફરીયાદ વિભાગ ઉભો કરી વન કોલ કમ્પ્લેઈન સોલ્યુશનની સુવિધા ઉપલબ્ધ કરાશે. ગટરો માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ યોજના વૃક્ષારોપણથી પુનઃ ગ્રીનસીટીનું બિરૂદ અકસ્માત નિવારવા જનતા અભિગમ સાથે ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, આધુનિક પદ્ધતિથી વરસાદી પાણીનો નિકાલ, હેલ્થ ક્લબ, સ્પોર્ટસ ક્લબ, લાયબ્રેરી અને મેડીટેશન સેન્ટર ઉભા કરાશે શહેરી ગામડામાં તમામ આંતરમાળખાકીય સુવિધાઓ આપવા સાથે બેરોજગાર યુવાનો શ્રમજીવીઓ અને નાના વેપારીઓ માટે શહેરી હાટનું નિર્માણ કરવામાં આવશે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી/પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ભાજપે તેના શાસન દરમિયાન માત્ર ભ્રષ્ટાચાર કર્યો છે. ગાંધીનગર શહેરનો જનાધાર મેળવવામાં નિષ્ફળ ગયેલી ભાજપ દ્વારા કોંગ્રેસના બેનર હેઠળ જીતેલા નગરસેવકોની ખરીદી ફરોસી કરી લોકશાહી પદ્ધતિનું હનન કરી તેમના શાસન દરમિયાન સોલાર લાઈટ, પેવર બ્લોક ડસ્ટબીન રમકડા વગેરેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. જયારે નાના વેપારીઓ શ્રમજીવીઓને ડિમોલેશનના આધારે ભયભિત કર્યા છે તેની સામે કોંગ્રેસ ભય અને ભ્રષ્ટાચાર વિનાનુ સુશાસન આપશે તેમજ ભાજપના શાસનમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરાશે.

આ પ્રસંગે પ્રદેશ નિરીક્ષક શ્રી હિંમતસિંહ પટેલ, મિહિર શાહ, માયાબેન દવે તથા પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહજી ડાભી, પ્રદેશ આઈ.ટી. સેલના ચેમરેન રોહન ગુપ્તા, શહેર મહિલા પ્રમુખ ભાનુમતીબેન રોહિત તેમજ શહેર સમિતિના મુખ્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા.

મફત નિદાન કેમ્પ
રાહત દરે ઓપરેશન
મસા - ભગંદર
Since : 2005
ડો. કુર્યન્ત એમ. ગોસ્વામી (પ્રોક્ટોલોજીસ્ટ)
ડો. પીન્કી કે. ગોસ્વામી (પ્રોક્ટોલોજીસ્ટ)
મસા રબર બેન્ડ ઈંજેક્શન દ્વારા, ક્ષારસૂત્ર દ્વારા, વેસલ સિલર (ટાંકા વગર)
ભગંદર - મસા ભગંદરની સારવાર ક્ષારસૂત્ર દ્વારા
દર્દ રહિત દાખલ થયા વગર
તા. ૨૪/૪/૨૦૧૬, રવિવાર ● સમય : સવારે ૯ થી ૧
કેમ્પનું સરનામું : શિવમ્ હોસ્પિટલ
આવિષ્કાર કોમ્પલેક્ષ, એસ.ટી. ડીવીઝન ઓફીસ સામે, મોતીપુરા, હિંમતનગર
ફોન : ૦૨૭૭૨-૨૨૮૭૪૭ ● મો. : ૯૪૨૬૨ ૭૧૧૮૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭